નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૨૯ તા. ૧૯-૧૨-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- નાણાંકીય વર્ષ : ૨૦૧૬-૧૭ (ઈન્કમટેક્ષ આકારણી વર્ષ : ૨૦૧૭-૧૮)માં ચૂકવેલ કુલ આવક પર ઈન્કમટેક્ષ કપાત કરવા બાબત.

આથી મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે આ સાથે મ્યુનિ. કોર્પો.નાણા ખાતું સરકયુલર નં.૭૯ તા.૨૮-૧૧-૧૬ અનુસાર નાણાંકીય વર્ષ:૨૦૧૬-૧૭ (ઈન્કમટેક્ષ આકારણી વર્ષ:૨૦૧૭-૧૮)માં ચૂકવેલ કુલ આવક પર કર્મચારીઓની ઈન્કમટેક્ષ કપાત કરવાની થાય છે.

વહીવટી સરળતા ખાતર ગયા વર્ષની જેમ ચાલુ વર્ષે શાળાઓના કર્મચારીઓએ પગાર વડે મેળવેલ આવકનું પત્રક કોમ્પ્યુટર મારફતે મેળવવામાં આવશે.

પગાર સિવાયની આવક ઓફિસ તરફથી આપવામાં આવી હોય જેવી કે પુરવણીબીલો કે અન્ય રકમો જેની વિગત જે તે કર્મચારીએ અલગ આપવાની રહેશે. કર્મચારીએ પોતાની રીતે રોકાણો બાદ લેવાના થતા હોય તેની વિગત પણ અલગ આપવાની રહેશે.

ઉપરોકત આવકો તથા રોકાણોની વિગત (સંબંધિત પુરાવાની ઝેરોક્ષ નકલો સહિત) ઈન્કમટેક્ષ કપાતને પાત્ર દરેક કર્મચારીઓના ડેકલેરેશન ફોર્મ ગયા વર્ષની જેમ જ ભરવાના છે. તેમાં જરૂરી સહીઓ તથા મુખ્ય શિક્ષકશ્રીના સહી સિકકા સાથે શાળાના તમામ કર્મચારીઓના ડેકલેરેશન ફોર્મ એકી સાથે એક જ બંચમાં બાંધીને જે તે **ઝોન ઓફિસમાં તમારા પે બિલ કલાર્કને રૂબરૂ મળી તા.૨૧-૧-૧૭ સુધીમાં રોકાણની વિગત સાથે અચૂક ચેક કરાવી લેવાના રહેશે.** કોઈપણ કર્મચારીએ પોતાના ડેકલેરેશન ફોર્મ અલગ રીતે વ્યક્તિગત રીતે મોકલવા નહિ. ઈન્કમટેક્ષ માટે શાળા તરફથી કર્મચારીઓની પગારબીલ દ્વારા કેટલી આવક તેમજ કપાતની વિગત મોકલવાની રહેતી નથી.

દરેક શાળાના કર્મચારીએ પોતાની જાણકારી માટે આવકનું પત્રક, પગારની વિગત પગાર સિવાયની અત્રેની ઓફિસેથી મળેલ આવક તથા મળવાપાત્ર કર રાહત કપાતોની વિગતો પરથી ઈન્કમટેક્ષની ગણત્રી કાચા પત્રકમાં રાખવી.

ડેકલેરેશન ફોર્મ જે તે શાળાની (ઈન્કમટેક્ષ પાત્ર) કર્મચારીઓની સંખ્યા મુજબ જે-તે સંકલન ઝોન ઓફિસમાંથી શાળાના કર્મચારીઓની સંખ્યાનો રિપોર્ટ આપવાથી આપવામાં આવશે.

અમદાવાદ મ્યુનિ. કોર્પો. નાણાં ખાતું સરકયુલર નં.૭૯ તા.૨૮-૧૧-૧૬ આ સાથે સામેલ છે. શાળાના તમામ કર્મચારીઓને આ પરિપત્રની નોંધ લેવડાવવી. તા.૧૫-૨-૧૭ પછી કરેલ રોકાણ જે-તે કર્મચારીએ તેના ઈન્કમટેક્ષ રીર્ટનમાં દર્શાવી ઈન્કમટેક્ષ પરત લેવા કાર્યવાહી કરવાની થશે. સમય મર્યાદામાં પગાર કરવાનો હોવાથી આ બાબત ખાસ ધ્યાને લેવડાવવી.

તા.૧૯-૧૨-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

નોંધ :- જે કર્મચારીને પગાર સિવાય વર્ષ-૧૬-૧૭માં પૂરવણી બીલ દ્વારા નાણાં મળેલ હોય તો તેની વિગત ડેકલેરેશન ફોર્મમાં જણાવવાની રહેશે તથા પાનકાર્ડની ઝેરોક્ષ સામેલ કરવી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

મહાનગર સેવા સદન

સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

નાણાખાતું
સરક્યુલર નં.૭૯
તાઃ ૨૮/૧૧/૨૦૧૬

વિષય :- નાણાંકીય વર્ષ ૨૦૧૬-૨૦૧૭, (ઇન્કમટેક્ષ આકારણી વર્ષ ૨૦૧૭-૨૦૧૮) માં ચૂકવેલ કુલ આવક પર ઇન્કમટેક્ષ કપાત કરવા બાબત.

(૧) સને ૨૦૧૬-૨૦૧૭ ની નાણાંકીય વર્ષની આવક ઉપરથી આ પરિપત્રમાં સામેલ કરેલ શીડ્યુલ પ્રમાણે ઈન્કમટેક્ષની વસુલાત કરવાની છે.

સૌ પ્રથમ પગારની તમામ આવકમાંથી પ્રોફેશનલ ટેક્ષની રકમ બાદ કરવી.

કલમ ૮૦ સી મુજબ રોકાણની મહત્તમ મર્યાદા રૂા. ૧,૫૦,૦૦૦/-

કલમ ૮૦ સીસીજી હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા નોટીફાય કરવામાં આવેલ સ્કીમમાં જે કરદાતાની આવક રૂા. ૧૨ લાખથી નીચે હોય તેવા કરદાતાઓને રૂા. ૫૦,૦૦૦/-ના રોકાણ સુધી રોકાણના ૫૦% લેખે વધારાના બાદ મળી શકશે. (કલમ ૮૦ સીસીજી હેઠળ મહત્તમ રૂા. ૨૫૦૦૦/- સુધી બાદ મળવાપાત્ર છે.)

આવકવેરા ધારાની કલમ ૮૭(એ) મુજબ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષમાં જે કર્મચારીની નેટ ટેક્ષેબલ આવક (મળવાપાત્ર તમામ રોકાણો બાદ કર્યા બાદ) રૂા. ૫,૦૦,૦૦૦/- (અંકે પાંચ લાખ રૂપિયા પુરા) સુધી થતી હોય તેવા કેસમાં કુલ ટેક્ષની ગણત્રી કર્યા બાદ ટેક્ષની રકમના ૧૦૦% અથવા રૂા. ૫૦૦૦/- બેમાંથી જે ઓછી હોય તે રકમ ટેક્ષમાં રીબેટ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તે મુજબ રીબેટ આપ્યા બાદ બાકી રહેતી ટેક્ષની રકમ ઉપર એજ્યુકેશન સેસની ગણત્રી કરી ગ્રોસ ટેક્ષની ગણત્રી કરવાની રહેશે.

કલમ ૮૦સીસીડી(૨) મુજબ તા. ૦૧-૦૧-૨૦૦૪ના રોજ અથવા ત્યારબાદ નોકરીમાં જોડાયેલ કર્મચારીઓ માટે દર માસે કપાતા એન.પી.એસ. ની રકમ જેટલો જ ફાળો (૧૦% થી વધવો ન જોઈએ.) કોર્પોરેશન જમા કરાવવો. આ રકમ જે તે વર્ષમાં જે તે કર્મચારીની આવક તરીકે ગણવાની રહેશે જે ઈન્કમટેક્ષની કલમ ૮૦સીસીડી મુજબ કર્મચારીના વ્યક્તિગત કેસમાં બાદ મળશે.

કલમ ૮૦સીસીડી હેઠળ અગાઉના વર્ષમાં જે રૂા. ૧ (એક) લાખની કપાત મર્યાદા હતી તેમાં નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭થી ૮૦સીસીડી (૧એ) હેઠળ કપાત મર્યાદા રૂા. ૧.૫૦ લાખની રહેશે. એન.પી.એસ.માં કરદાતાએ કલમ ૮૦સીસીડી (૧એ) મુજબ રૂા. ૧.૫૦ રોકાણ કર્યું હોય કે ના કર્યું હોય, ૮૦સીસીડી (૧બી) હેઠળ જો ૫૦ હજારનું રોકાણ કર્યું હોય તો તે અલગથી બાદ મળશે. આમ, ૮૦સીસીઈ હેઠળની રૂા. ૧.૫૦ લાખની રોકાણ મર્યાદા ઉપરાંત કલમ ૮૦સીસીડી (૧બી) હેઠળ એન.પી.એસ.માં કરવામાં આવતા રોકાણના સંદર્ભમાં વધારાના રૂા. ૫૦ હજારની કપાતનો લાભ મળશે. આમ, ૮૦સીસીડી(૧એ) હેઠળ રૂા. ૧.૫૦ લાખ સુધી અને ૮૦સીસીડી(૧બી) હેઠળ વધારાના ૫૦ હજાર મળી કલમ ૮૦સીસીડી(૨) મુજબ આમ રૂા. ૨ (બે) લાખ સુધીની કપાતનો લાભ મળશે.

તદ્ઉપરાંત કલમ ૮૦-ઈઈ મુજબ હાલની કલમ ૨૪ મુજબની ૨,૦૦,૦૦૦/-ની કપાત ઉપરાંત રૂા. ૫૦,૦૦૦/-ની વધારે કપાતની જોગવાઈ છે. જેનો વિગતવાર ઉલ્લેખ પાન નં. ૧૧ (૭-એલ) ઉપર કરેલ છે.

જે તે કર્મચારીની તમામ કુલ આવકમાંથી ઈન્કમટેક્ષના નિયમો મુજબ કાપવાની થતી પ્રોફેશનલ ટેક્ષની રકમ તેમજ ઈન્કમટેક્ષના નિયમ મુજબના રોકાણો બાદ કરીને જે રકમ આવે તે રકમ ઉપર નીચે મુજબના શીડ્યુલ પ્રમાણે ઈન્કમટેક્ષ કાપવાનો રહેશે.

વાર્ષિક આવક રૂા. (તમામ કર્મચારીઓ માટે)	***ઈન્કમટેક્ષનો દર***	***એજયુકેશન સેસ***
૨,૫૦,૦૦૦ સુધી	શૂન્ય	શૂન્ય
૨,૫૦,૦૦૧ થી ૫,૦૦,૦૦૦ સુધી	૧૦%	૩%
૫,૦૦,૦૦૧/-થી ૧૦,૦૦,૦૦૦/-સુધી	૨૦%	૩ %
૧૦,૦૦,૦૦૧/-થી વધુ	૩૦%	૩ %

વાર્ષિક આવક રૂા. (તમામ કર્મચારીઓ માટે)	***ઈન્કમટેક્ષનો દર***	***એજયુકેશન સેસ***
(સીનીયર સીટીઝન કર્મચારીઓ માટે) (વર્ષ ૬૦ થી ૮૦ સુધીના કર્મચારીઓ માટે) (તાઃ૩૧-૦૩-૨૦૧૭ સુધી ૬૦ વર્ષ પુર્ણ થતા હોય તેવા કર્મચારીઓ સીનીયર સીટીઝનની વ્યાખ્યામાં આવે.)		
૩,૦૦,૦૦૦ સુધી	શૂન્ય	શૂન્ય
૩,૦૦,૦૦૧ થી ૫,૦૦,૦૦૦ સુધી	૧૦%	૩%
૫,૦૦,૦૦૧/-થી ૧૦,૦૦,૦૦૦/-સુધી	૨૦%	૩ %
૧૦,૦૦,૦૦૧/-થી વધુ	૩૦%	૩ %

(૨) ઈન્કમટેક્ષ એક્ટની કલમ-૧૯૨ પ્રમાણે કર્મચારીના પાછલા વર્ષની ઈન્કમટેક્ષને પાત્ર થતી રકમ સરખા માસિક હપ્તાથી ચૂકવી દેવામાં ન આવે તો ઈન્કમટેક્ષ ખાતા તરફથી વ્યાજ, પેનલ્ટી તથા અન્ય જવાબદારીઓ ઉભી થાય છે. આ નિયમ મુજબ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષમાં પાછલા વર્ષમાં એટલે કે નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષમાં જે તે અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓનો આખા વર્ષનો જે ટીડીએસ કાપેલ છે તે મુજબ ઈન્કમટેક્ષના નિયમ મુજબ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના વર્ષમાં સરખા બાર માસિક હપ્તાથી પગારમાં કપાત કરવામાં આવશે જેની નોંધ લેવી.

(૩) કરપાત્ર આવકની ગણતરી કરવા માટે કોર્પોરેશન તરફથી મળતા તમામ પગાર અને એલાવન્સીસની રકમનો સમાવેશ કરવાનો થાય છે. કર્મચારીની આ સિવાયની અન્ય આવકનો સમાવેશ કરવાનો નથી. પરંતુ એલ.આઈ.સી. ડીફર્ડ એન્યુઈટી મુજબ પોલિસી પરત આવે. કલમ-૮૦સી(૫) મુજબ એલ.આઈ.સી. અથવા યુનીટ લીકના વિમાનો કોન્ટ્રાકટ પ્રિમીયમ ન ભરવાથી કે અન્ય કારણે ટર્મીનેટ થયો હોય તો પાછળના વર્ષોમાં બાદ માંગેલ પ્રિમીયમની રકમ આવકમાં ઉમેરાશે તેવી જ રીતે મકાનની લોનના હપ્તા પાછળના વર્ષોમાં બાદ માંગ્યા હોય અને આવું મકાન પાંચ વર્ષ પહેલાં વેચી દેવામાં આવે તો આવા બાદ માંગેલ હપ્તાની રકમ આવક ગણાશે. યુનિટ કે એન.એસ.સી.માંથી કરેલ ઉપાડ અથવા આવકવેરા ધારાની કલમ-૮૦ સી.સી.સી. તેમજ કલમ-૮૦ સી.સી.ડી. હેઠળ અગાઉના વર્ષમાં કરેલ રોકાણ ચાલુ વર્ષે ઉપાડેલ હોય તો તે રકમ આવકમાં

ગણવાની રહેશે. પછી ભલે આવો ઉપાડ રીપરચેઈઝ માટે કરેલ હોય તો પણ આવક ગણાશે. જેથી આવા ઉપાડની ચોક્કસપણે ખાત્રી કરી

લેવી. કરપાત્ર આવકની ગણતરી માટે નીચે જણાવેલ પગાર અને એલાવન્સીસનો સમાવેશ થાય છે. નવા સુધારાથી કલમ-૧૭(૧) (viii) મુજબ માલિક દ્વારા કર્મચારીની નિવૃત્તિ પેન્શન યોજનામાં કલમ ૮૦-સીસીડી નીચે આપેલ ફાળો આવક ગણાશે. કર્મચારી પોતાની પગાર સિવાયની ફક્ત અન્ય આવકોની જાણ કરી શકે છે. પરંતુ મકાનની આવક સામે ભરવા પાત્ર વ્યાજ બાદ કરતાં થયેલ નુકસાન સિવાય અન્ય નુકસાન આમાં બતાવી શકાશે નહિં. આવી વિગત મળે તો બીલ કલાર્કે કર્મચારીની કુલ આવકની ગણતરીમાં લેવાની રહેશે. નિવૃત્ત કર્મચારીને ચૂકવવામાં આવતું પેન્શન જો આવકવેરાની મર્યાદાથી વધુ હોય તો તેના ઉપર પણ ઉપર જણાવ્યા મુજબ કરકપાત કરવી ફરજીયાત છે. પગારમાં નીચેની રકમોનો સમાવેશ થાય છે.

(૧) બેઝિક પગાર, સ્પેશ્યલ પગાર, એડહોક પગાર, વચગાળાની રાહત, પર્સનલ પગાર વિગેરે.

(૨) મોંઘવારી ભથ્થું, (૩) કરપાત્ર ભાડા ભથ્થું, (૪) સ્થાનિક ભથ્થું, (૫) પગાર તફાવતની આવક

(૫) સવલતો :- નવા સુધારા મુજબ તા. ૦૧-૦૪-૨૦૦૮થી નિયમ-૩(૭)(૨)થી ૩(૭)(૬) મુજબની સવલતો ઉપર કર્મચારીએ ટેક્ષ ભરવો પડશે.

(અ) માત્ર ફરજ બજાવવા અર્થે મળતાં વાહન એલાઉન્સ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના કામ માટે મળેલ ટી.એ.ડી.એ.ની રકમ કરપાત્ર ગણાતી નથી. કન્વેયન્સ એલાઉન્સની રકમ જે માત્ર ફરજ બજાવવા માટે અપાય છે તે આવકવેરા ધારાની કલમ-૧૦ (૧૪) અન્વયે કોમ્પેન્સેટરી હોવાથી કરપાત્ર ગણાતી નથી. જેથી વાર્ષિક સેલેરી સ્ટેટમેન્ટમાં કન્વેયન્સ એલાઉન્સની રકમ ઉમેરવી નહિં કે બાદ આપવી નહિં. જ્યારે જે કર્મચારીઓ પગારમાં ટ્રાન્સપોર્ટ એલાઉન્સ મેળવે છે તેવા કર્મચારીઓના કેસમાં પ્રતિ માસ રૂા. ૧૬૦૦/- જ્યારે શારીરિક ખોડખાંપણ (Orthopaedically Disable) કર્મચારીઓના કેસમાં પ્રતિમાસ રૂા. ૩૩૦૦/- ની ટ્રાન્સપોર્ટ એલાઉન્સની આવક કરપાત્ર ગણાતી નથી.

(બ) ઘરભાડા સંબંધી : કલમ-૧૦ (૧૩-એ) પ્રમાણે કરદાતાને માલિક તરફથી વસવાટના મકાન ભાડા અંગે કરેલ ખર્ચને પહોંચી વળવા માટે ખાસ કરીને કોઈ સ્પેશ્યલ એલાઉન્સ (પછી તેનું ગમે તે નામ અપાયું હોય) અપાતું હોય તો તે સ્થળ જગા કઈ જગાએ વસવાટની સગવડતા તેમજ અન્ય સંબંધિત વિચારણાપાત્ર બાબત ધ્યાનમાં લેતાં ઈન્કમટેક્ષ રૂલ-૨-એ પ્રમાણે તેટલે અંશે કરમુક્તિ મળી શકે. કર્મચારીઓના રહેઠાણ માટે વસાવેલ મિલ્કતની કિંમતના ૧૦% સવલત તરીકે ગણવામાં આવશે.

(એ) સંબંધિત સમય માટે માલિક તરફથી આવા એલાઉન્સ તરીકે મળેલ ખરેખર રકમ.

(બી) પગારના ૧૦ ટકા કરતાં ખરેખર ઘરભાડા તરીકે ચૂકવેલ વધારાની રકમ.

(સી) મુંબઈ, દિલ્હી, મદ્રાસ અને કલકત્તા જેવી જગ્યાએ આવા રહેઠાણના કેસમાં સંબંધિત પગારના ૫૦% જેટલી રકમ અને એના સિવાય અન્ય જગાએ આવા રહેઠાણના કેસમાં સંબંધિત પગારના ૪૦ ટકા જેટલી રકમ.

ઉપરોક્ત ત્રણેય રકમ પૈકી સૌથી ઓછી રકમ કરમુક્ત ગણાશે અને ઘરભાડા ભથ્થાની રકમ આના કરતાં વધારે હોય તો તેટલી વધારાની રકમ કરપાત્ર પગારની ગણતરીમાં ઉમેરવામાં આવશે. આ હેતુ માટે પગારમાં નિવૃત્તિના લાભો તેમજ સુપર એન્યુએશનની ગણતરી વખતે ઉમેરવામાં આવતા મોંઘવારી ભથ્થાનો સમાવેશ થાય છે. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે કરદાતાએ વસવાટની સગવડ માટે ખરેખર ચૂકવેલ રકમમાંથી રૂલ-

૨(એ) માં દર્શાવેલ મર્યાદાને આધીન રહીને જ તેટલે અંશે કરમાંથી કરમુક્તિ થાય છે. કર્મચારીઓના રહેઠાણ માટે વસાવેલ મિલ્કતની કિંમતના ૧૦% સવલત તરીકે ગણવામાં આવશે.

(ક) રહેણાંકના મકાનની સવલત :- જ્યારે કર્મચારીને અનફર્નીસ્ડ કવાટર્સ એલોટ કરવામાં આવ્યા હોય ત્યારે આવી સવલતનું મૂલ્યાંકન નીચે મુજબ કરવું.

(૧) જ્યારે રહેણાંકનું મકાન કેન્દ્ર કે રાજ્ય સરકારશ્રીના કર્મચારી અથવા કેન્દ્ર કે રાજ્ય સરકારશ્રી દ્વારા કોઈ ડેપ્યુટેશન ઉપર મોકલવામાં આવેલ કર્મચારીને આપવામાં આવ્યું હોય તો :-

કેન્દ્ર કે રાજ્ય સરકારશ્રી દ્વારા મકાનની ફાળવણી માટેના નિયમો મુજબ ચૂકવવાપાત્ર થતી લાયસન્સ ફીની રકમ આ રકમમાંથી ચૂકવવામાં આવેલ રકમ બાદ કરવાની રહેશે.

જ્યારે રહેઠાણનું મકાન સરકાર સિવાયનું અન્ય માલિક દ્વારા આપવામાં આવેલ હોય તો :-

આવા મકાનની માલિકી જો કોર્પોરેશનની હોય તો પગારના ૧૫% રકમ સવલત તરીકે રહેશે. અને આ રકમમાંથી કર્મચારી દ્વારા ચૂકવવામાં આવેલ રકમ બાદ કરીને બાકી રહેતી રકમ આવક તરીકે ગણવાની રહેશે.

આવા મકાન જો કોર્પોરેશને ભાડેથી કે લીઝ ઉપર લીધેલ હોય તો લીઝ કે ભાડાના ચૂકવવાપાત્ર રકમ અથવા તો પગારના ૧૦% બેમાંથી જે ઓછી હોય તે રકમમાંથી કર્મચારી દ્વારા ચૂકવવામાં આવેલ રકમ બાદ કરી અને બાકી રહેતી રકમ આવક તરીકે ઉમેરવાની રહેશે.

(૨) જ્યારે કર્મચારીને ફર્નીસ્ડ કવાટર્સ એલોટ કરવામાં આવ્યા હોય ત્યારે આવી સવલતનું મૂલ્યાંકન નીચે મુજબ કરવું

જ્યારે રહેણાંકનું મકાન કેન્દ્ર કે રાજ્ય સરકારશ્રીના કર્મચારી અથવા કેન્દ્ર કે રાજ્ય સરકારશ્રી દ્વારા કોઈ ડેપ્યુટેશન ઉપર મોકલવામાં આવેલ કર્મચારીને આપવામાં આવ્યું હોય તો :-

કેન્દ્ર કે રાજ્ય સરકારશ્રી દ્વારા મકાનની ફાળવણી માટેના નિયમો મુજબ ચૂકવવાપાત્ર થતી લાયસન્સ ફીની રકમ આ રકમમાંથી કર્મચારી દ્વારા ચૂકવવામાં આવેલ રકમ બાદ કરવાની રહેશે. અને તેમાં ફર્નીચરની રકમના ૧૦% રકમ ઉમેરવાની રહેશે. અને જો આવું ફર્નીચર બહારની વ્યક્તિ પાસેથી ભાડે લેવામાં આવ્યું હોય તો ભાડાની રકમ મકાનની કિંમતમાં ઉમેરવાની રહેશે.

જ્યારે રહેઠાણનું મકાન સરકારશ્રી સિવાયના અન્ય માલિકો દ્વારા આપવામાં આવ્યું હોય તો :-

આવા મકાનની માલિકી જો કોર્પોરેશનની હોય તો પગારના ૧૫% રકમ સવલત તરીકે ગણવાની રહેશે. અને આ રકમમાંથી કર્મચારી દ્વારા ચૂકવવામાં આવેલ રકમ બાદ કરીને બાકી રહેતી રકમ આવક તરીકે ગણવાની રહેશે. અને તેમાં ફર્નીચરની કિંમતના ૧૦% રકમ ઉમેરવાની રહેશે. અને જો આવું ફર્નીચર બહારની વ્યક્તિ પાસેથી મેળવવામાં આવેલ હોય તો ભાડાની રકમ મકાનની કિંમતમાં ઉમેરવાની રહેશે.

આવા મકાન જો કોર્પોરેશને ભાડેથી કે લીઝ ઉપર લીધેલ હોય તો લીઝ કે ભાડાના ચૂકવવાપાત્ર રકમ અથવા તો પગારના ૧૦% બેમાંથી જે ઓછી હોય તે રકમમાંથી કર્મચારી દ્વારા ચૂકવવામાં આવેલ રકમ બાદ કરી અને બાકી રહેતી રકમ આવક તરીકે ઉમેરવાની રહેશે. અને તેમાં ફર્નીચરની કિંમતના ૧૦% રકમ ઉમેરવાની રહેશે. અને જો આવું ફર્નીચર બહારની વ્યક્તિ પાસેથી મેળવવામાં આવેલ હોય તો ભાડાની રકમ મકાનની કિંમતમાં ઉમેરવાની રહેશે.

(ડ) અત્યાર સુધી મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી ડ્રાયવર સાથે આપવામાં આવેલ મોટરકાર કે જેનો અંશતઃ ખાનગી ઉપયોગ થતો હોય અને નિભાવવાની અને ડ્રાયવરના પગારની જવાબદારી મ્યુનિ.કોર્પોરેશનની થાય છે તે

અંગે આવકની ગણતરી કરવામાં આવતી હતી. પરંતુ ૧.૪.૨૦૦૫ થી ફ્રીંજ બેનીફીટ ટેક્ષ દાખલ કરવામાં આવતાં આ સવલત ઉપરનો ટેક્ષ કાઢી નાંખવામાં આવ્યો છે. જો ફ્રીજ બેનીફીટ ટેક્ષ ભરવાનો ન થતો હોય તો નિયમ-૩(૨)

મુજબ નીચે પ્રમાણે આવકની ગણત્રી કરવાની રહેશે.

(અ) ૧.૬ ક્યુબીક લીટર એન્જીન કેપેસીટીની ૧૬ હોર્સ પાવર સુધીની મોટરકાર માટે પ્રતિમાસ રૂા. ૧૮૦૦ કરપાત્ર આવકમાં ઉમેરવાના રહેશે.

(બ) ૧.૬ ક્યુબીક લીટરથી વધુ એન્જીન કેપેસીટીની ૧૬ હોર્સ પાવર સુધીની મોટરકાર માટે પ્રતિમાસ રૂા. ૨૪૦૦ કરપાત્ર આવકમાં ઉમેરવાના રહેશે.

(ક) ડ્રાયવરના પ્રતિમાસ રૂા. ૯૦૦ ગણીને કરપાત્ર આવકમાં ઉમેરવાના રહેશે.

(ઈ) આવકવેરા ધારાનાં નાણાંકીય સુધારા બીલ ૨૦૦૦ થી દાખલ કરાયેલ નવી કલમ-૧૭(૨)(૪) અનુસાર કર્મચારીને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વિનામૂલ્યે અથવા ઘટાડેલા મુલ્યે ફાળવી આપેલ કે તબદીલ કરી આપેલ મિલ્કતની, આવી ઘટાડેલી કિંમત કર્મચારીની પગારની આવકમાં પરક્વીઝીટ તરીકે ઉમેરવામાં આવશે.

ઉપરાંત નિયમ-૩(૬) અનુસાર ટ્રાન્સપોર્ટની સેવા સાથે સંકળાયેલા કર્મચારીઓને કે તેમના કુટુબીજનોને વિનામૂલ્યે અથવા ઘટાડેલા મૂલ્યે મુસાફરી કરવાની આપવામાં આવેલી સગવડની ગણત્રી કરપાત્ર આવકમાં લેવાની રહેશે. આવી મુસાફરી કરવાની સામાન્ય કિંમત કરપાત્ર સવલત તરીકે ગણાશે.

(૬) અન્ય સવલતો :-

નિયમ-૩(૭)(૯) મુજબ અત્રે જણાવ્યા સિવાયની કોઈપણ સવલતો ઉપર ફ્રીજ બેનીફીટ ટેક્ષ ભરાયો હોય કે ન હોય તો પણ કર્મચારીએ સવલત ઉપર કર ભરવાનો રહેશે.

(અ) નિયમ-૩(૭)(૧) અનુસાર કેટલાક નક્કી કરેલા રોગોની સારવાર માટે કે અન્ય કારણસર કર્મચારીને અથવા તેના કુટુંબીજનો માટે આપવામાં આવેલ રૂા. ૨૦,૦૦૦/-થી વધારાની વગર વ્યાજની કે ઓછા વ્યાજની લોન વિગેરે આપવામાં કે અપાવવામાં આવી હશે તો આવી લોન દરેક માસની મહત્તમ રકમ ઉપર સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા લોન ઉપર લેવાતા વ્યાજની રકમમાંથી કર્મચારીએ ભરેલ વ્યાજ બાદ કર્યા બાદની રકમ સવલત તરીકે ઉમેરાશે. રોગોનીસારવાર અંગેની લોનનું વ્યાજ સવલત ગણાશે નહીં. તે જ પ્રમાણે નિયમ-૩(૭)(૨) અનુસાર કરમુક્ત એલ.ટી.સી. (નિયમ-૨(બી)) સિવાય કર્મચારીને ચૂકવાતા મુસાફરી ખર્ચ સવલત ગણાશે.

(બ) નિયમ-૩(૭)(૭) અનુસાર કર્મચારીને કે તેના કુટુંબીજનોને (મોબાઈલ કે અન્ય ટેલિફોન, લેપટોપ કે કોમ્પ્યુટર સિવાય) અન્ય વિશિષ્ટ દરજ્જાની સવલત કે હક આપવામાં આવે તો આવી સવલતની કિંમત કર્મચારીની આવકમાં ઉમેરવાની રહેશે. તે જ પ્રમાણે રાહતના દરે વેચવામાં આવેલી મિલ્કત માટે પણ નિયમ-૩(૭)(૮) અનુસાર સવલત ગણવાની રહેશે.

(ક) આ ઉપરાંત નિયમ-૩(૩),૩(૪), ૩(૫) અને ૩(૬) અનુસાર કર્મચારીને કે તેના કુટુંબીજનોને આપવામાં આવતી અન્ય સગવડો જેવી કે, ક્રેડીટ કાર્ડ કે એડઓન કાર્ડની સુવિધા, કોઈ પણ કલબના સભ્યપદ, તેમજ અન્ય સુવિધા, માલિકની જંગમ મિલકતના ઉપયોગની સુવિધા, નોકરીના સ્થળ સિવાય કર્મચારીને આપવામાં આવતો ભોજન-પીણાં વિગેરેની સુવિધા, કર્મચારીને નોકર, માળી કે વોચમેન પુરા પાડવાની સવલત, ગેસ, ઈલેક્ટ્રીસીટી કે પાણી સપ્લાય કરવાની સવલત, મફત કે ઘટાડેલા દરે પૂરી પડાતી શિક્ષણની સવલત, કર્મચારીને મુસાફરી દરમ્યાન પુરા પડાયેલા મુસાફરી - રહેણાંક તેમજ અન્ય ખર્ચ કે જે લીવ ટ્રાવેલ કન્સેશનમાં ન આવતા

હોય, રૂા.૫૦૦૦/- થી વધુ કિંમતના કર્મચારીને અપાયેલ ગીફટ વાઉચર અથવા ટોકન તેમજ કર્મચારી દ્વારા ભોગવવામાં આવતી માલિકીની મિલ્કત વિગેરે સવલતોની કિંમત કે જેના ઉપર ફ્રીંજ બેનીફીટ ટેક્ષ લેવામાં આવતો ન હોય તે કર્મચારીની આવકમાં ઉમેરવાની રહેશે.

(૬) તબીબી સુવિધા :- કર્મચારીને આપવામાં આવતી તબીબી સુવિધાઓ આવકવેરાની કલમ ૧૭(૨) હેઠળ નીચે મુજબના સંજોગોમાં કરમુક્ત કરવાની રહેશે.

(૧) જ્યારે કોર્પોરેશન દ્વારા ચલાવવામાં આવતી હોસ્પિટલ કે ડીસ્પેન્સરી કર્મચારીને કે તેના કુટુંબના કર્મચારીને આપવામાં આવતી તબીબી સુવિધાઓ.

(૨) સરકાર દ્વારા કે સ્થાનિક સંસ્થા દ્વારા સંચાલિત અથકવા કેન્દ્ર કે રાજ્ય સરકાર દ્વારા માન્ય કરેલ હોસ્પિટલમાં કર્મચારીને કે તેના કુટુંબના કોઈ પણ સભ્ય માટેની તબીબી સારવાર અંગે કરવામાં આવેલ ખર્ચને માલિક દ્વારા ચૂકવણી. ચીફ કમિશનરશ્રી દ્વારા નિયત પ્રકારની તબીબી સારવાર માટે માન્ય કરવામાં આવેલી હોસ્પિટલમાં પણ કર્મચારી કે તેના કુટુંબના કોઈ પણ સભ્ય માટે સારવાર હેતુસર કરવામાં આવેલ ખર્ચની માલિક દ્વારા કરાયેલ ચૂકવણીને કરમુક્ત સવલતમાં ગણવામાં આવશે.

(૩) ગ્રુપ મેડીકલ ઈન્સ્યોરન્સ સ્કીમ હેઠળ કર્મચારીના લાભાર્થે માલિક તરફથી ચૂકવવામાં આવેલ પ્રીમીયમ તથા મેડી કલેઈમ પોલીસી અને અન્ય હેલ્થ ઈન્સ્યોરન્સ પોલીસી સંબંધી ચૂકવેલ પ્રીમીયમ આ ક્રમના હેતુસર માન્ય ગણાશે. જેમાં કોર્પોરેશન દ્વારા આવા ખર્ચ સંબંધી કરવામાં આવેલ ચૂકવણી (રીઈમ્બર્સમેન્ટ ઓફ મેડીકલ એકસપેન્સીસ) રૂા. ૨૫૦૦૦/-ની મર્યાદામાં રહેશે.

(૭) કલમ-૮૦ હેઠળની આવકમાંથી બાદ મળવાપાત્ર સવલતોઃ-

નવી કલમ-૮૦-સી-૮૦-સીસીસી તેમજ ૮૦-સીસીડી નું સંયુક્ત રીતે કલમ-૮૦સીસીઈ મુજબ રૂા.૧,૫૦,૦૦૦/- નું માન્ય રોકાણ કરપાત્ર આવકમાંથી બાદ મળશે (ચાલુ વર્ષે સરકારશ્રીએ નોટીફાય કરેલ સ્કીમમાં (રૂા. ૧૨ લાખ સુધીની ગ્રોસ આવક ધરાવતા કરદાતાઓ માટે જ) રૂા. ૫૦,૦૦૦/- સુધીના રોકાણના ૫૦% (મહત્તમ ૨૫,૦૦૦/- સુધી) વધારાના કલમ-૮૦-સીસીજી હેઠળ બાદ મળવાપાત્ર થશે.) એટલે કે જો ૮૦-સીનું રોકાણ ૧,૫૦,૦૦૦/- કરવામાં આવ્યું હોય તો કલમ-૮૦-સીસીસી તેમજ ૮૦-સીસીડીની અલગ કપાત મળી શકશે નહીં. વળી આવા રોકાણોની આંતરિક મર્યાદા જેવી કે બાળકોના શિક્ષણ માટે બાળકદીઠ ૧૨,૦૦૦/- વધુમાં વધુ રૂા.૨૪,૦૦૦/ ની મર્યાદા, હાઉસીંગ લોનના હપ્તા ચૂકવણીની રૂા.૨૦,૦૦૦/- ની મર્યાદા, ઈક્વીટી લીંકડ મ્યુ.ફંડના રોકાણની મર્યાદા રૂા.૧૦,૦૦૦/- વિગેરે પણ દૂર કરવામાં આવી છે. હવેથી ઉપર જણાવેલ રૂા.૧,૫૦,૦૦૦/- ની કુલ મર્યાદા લાગુ પડશે.

(૭-એ) કલમ-૮૦-સીઃ-

કલમ-૮૦ સી, કલમ-૮૦-સીસીસી અને કલમ-૮૦-સીસીડી પ્રમાણે વાર્ષિક રૂા.૧,૫૦,૦૦૦/-ની મર્યાદામાં કરવામાં આવતા નીચે દર્શાવેલ માન્ય રોકાણો કુલ ગ્રોસ આવકમાંથી બાદ આપવામાં આવશે.

માન્ય રોકાણોઃ-

(એ) જીવન વિમા પોલિસીના પ્રિમિયમની ચૂકવણીઃ-

કરદાતા પોતાની પોલીસી ઉપરાંત પોતાના લગ્નસાથીની કે બાળકોના જીવન વીમાની પોલીસીઓ ઉપર પ્રિમીયમ ભરે તો આવા પ્રિમિયમની રકમ કરદાતાએ પોતાના લગ્ન સાથી કે બાળકોની જીવન વિમા પોલીસીઓ ચાલુ રાખવા અને પોતાની કરપાત્ર આવકમાંથી પ્રીમીયમ ભરવું જોઈએ. આ કલમમાં ''બાળકો'' શબ્દના અર્થઘટનમાં સગીર તેમજ પુખ્ત ઉંમરના અને કમાતા બાળકોનો સમાવેશ થાય છે.

(બી) ગ્રૃપ સેવીંગ્સ લીંક્ડ ઈન્સ્યોરન્સઃ-

આ સ્કીમ અન્વયે પગારમાંથી જે રકમ કપાત થાય તે.

(સી) સરકાર દ્વારા કે સરકાર વતી ચૂકવવાપાત્ર અને નોકરીની શરતો મુજબ પોતાની સલામતીના હેતુસર ડીફર્ડ એન્યુઈટી કે પત્નિ અને બાળકોની જોગવાઈ સારૂ પગારમાંથી કપાત થતી હોય તેવી રકમ પરંતુ આ રકમ પગારના ૧/૫ કરતાં વધુ ન હોવી જોઈએ.

(ડી) નીચેની બાબતોમાં આપેલ કોઈ ફાળો/પ્રોવિડન્ડ ફંડમાં રોકાણઃ-

(અ) જે તે પ્રો.ફંડ એક્ટ ૧૯૨૫ લાગુ પડતો હોય.

(બ) કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર થયેલ કે સરકારી ગેઝેટમાં નોટીફાય થયેલ હોય તેવું ખાતું જે તે વ્યક્તિના કે બાળકોના નામે હોય તેમાં આપેલ ફાળાની રકમ પબ્લીક પ્રો.ફંડના કાયદાની જોગવાઈ મુજબ પ્રતિ વર્ષ રોકાણ કરવા માટે ઓછામાં ઓછા રૂા.૫૦૦/- ની મર્યાદા રાખવામાં આવી છે. અત્યાર સુધી પબ્લીક પ્રો.ફંડના રોકાણો ઉપર મળતું ચક્રવૃદ્ધિ વ્યાજ સંપૂર્ણપણે કરમુક્ત ગણાય છે.

(ક) રેકગ્નાઈઝડ પ્રો.ફંડમાં કર્મચારીનો ફાળો.

(ડ) માન્ય સુપર એન્યુએશન ફંડમાં કર્મચારીનો ફાળોઃ- આ ફાળામાં લીધેલ લોન ભરપાઈ કરવા માટે કરેલ ચૂકવણીની રકમનો સમાવેશ થતો નથી.

(ઈ) નેશનલ સર્ટિફીકેટસમાં છઠ્ઠી, સાતમી, આઠમી શ્રેણીમાં કરવામાં આવેલ રોકાણ કપાતને પાત્ર છે. નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ ઉપર પ્રતિ વર્ષ જમા થતું વ્યાજ પુનઃરોકાણ થતું હોઈ તેના સંબંધી પણ આ કલમ હેઠળ લાભ મળી શકશે. જેમાં દર વર્ષે મળતું નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટનું વ્યાજ ગ્રોસ આવકમાં ઉમેરવાનું થાય.

(એફ)રહેઠાણ માટે નવું મકાન ખરીદવા અથવા બાંધવા માટેઃ-

નવા રહેઠાણના મકાનની ખરીદી કે બાંધકામ માટે કરદાતાએ માન્ય સંસ્થા પાસેથી લોન લીધી હોય તો લીધેલી લોન અંગેની ચૂકવણી ૮૦-સી ની જોગવાઈઓ અનુસાર આવકમાંથી કપાત પાત્ર ગણાશે. મકાન પાંચ વર્ષ પહેલાં ટ્રાન્સફર કરશે અથવા વેચી દેશે તો અગાઉના જે નાણાંકીય વર્ષમાં તેને કપાત તરીકે મજરે મળેલ રકમ જે વર્ષમાં મિલ્કતનું હસ્તાંતર કરવામાં આવે તે વર્ષ માટેની કુલ આવકમાં આવી કપાતની રકમ ઉમેરવામાં આવશે.

(જી) જીવન વીમા નિગમની માન્ય એન્યુઈટી યોજના હેઠળ જીવન અક્ષય તેમજ જીવનધારાને માન્ય ગણવામાં આવ્યા છે.

(એચ)હોમ લોન એકાઉન્ટ સ્કીમમાં રોકાણઃ

નેશનલ હાઉસીંગ બેન્કની લોન એકાઉન્ટ સ્કીમમાં કરદાતાએ કરેલા રોકાણ પણ કલમ-૮૦-સી હેઠળ કપાત પાત્ર થાય છે.

(આઈ) કોઈ પણ માન્ય યુનિવર્સિટી / કોલેજ / સ્કૂલ અથવા ભારતમાં સ્થપાયેલ શૈક્ષણિક સંસ્થામાં પોતાનાં બે બાળકોને પૂર્ણ સમય (ફુલટાઈમ) ભણવા માટે કર્મચારીએ ચૂકવેલ ટ્યુશન ફી ની રસીદ રજૂ કરવાથી બાદ મળી શકશે. આમાં ડેવલોપમેન્ટ ફી, કેપીટેશન ફી અથવા ડોનેશનનો સમાવેશ થતો નથી.

(જે) યુનિટ ટ્રસ્ટ કે મ્યુચ્યુઅલ ફંડની માન્ય યોજનાઓમાં રોકાણઃ-

આ જોગવાઈ અનુસાર યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયા તેમજ કલમ-૧૦-૨૩/ડી હેઠળ માન્ય કરાયેલ મ્યુચ્યુઅલ ફંડો દ્વારા નોટીફાય કરવામાં આવે તેવો ઈક્વીટી લીંક્ડ રોકાણ કપાતને પાત્ર ગણવામાં આવે છે.

(કે) બોર્ડ દ્વારા માન્ય કરાયેલ પબ્લીક કંપનીના કેપીટલ ઈસ્યુના શેર કે ડીબેન્ચરમાં કરેલ રોકાણો કે જેને કલમ-૫૪-ઈ-એ અને ૫૪-ઈ-બી નો લાભ ના મળતો હોય.

(એલ) શીડ્યુઅલ બેંકમાં પાંચ વર્ષની ટર્મ ડીપોઝીટમાં કરવામાં આવેલ રોકાણ પાકતા પહેલાં નહીં ઉપાડવા તેમજ તેના ઉપર લોન ન મળે તેવી શરતોને આધીન હોય તેનો સમાવેશ આ કલમમાં માન્ય રોકાણોમાં કરવામાં આવ્યો છે.

(એમ) એન.એસ.એસ., નાબાર્ડ, મ્યુ. ફંડના માન્ય ટેક્ષ શીલ્ડ પ્લાન (ઈકવીટી લીંકડ સવિંગ્સ સ્કીમ) તેમજ સરકારે અન્ય નક્કી કરેલ બોન્ડમાંનું રોકાણ.

(એન) વરિષ્ઠ નાગરિક (સીનીયર સીટીઝન્સ) બચત યોજના ૨૦૦૪ અન્વયે કર્મચારીએ નિયમ મુજબ કરેલ રોકાણ.

(ઓ) પોસ્ટ ઓફિસની ટાઈમ ડીપોઝીટ યોજના ૧૯૮૧ અન્વયે પાંચ વર્ષ માટે કરેલ રોકાણ.

(પી) જીવન સુકન્યા સ્કીમમાં રોકાણ.

(૭-બી) કલમ-૮૦ (સી-સી-સી):-

જ્યારે કરદાતાએ પોતાની કરપાત્ર આવકમાંથી પાછલા વર્ષોમાં એલ.આઈ.સી. અથવા અન્ય માન્ય ઈન્સ્યુરન્સના એન્યુઈટી પ્લાનમાં (જીવન સુરક્ષા પેન્શન ફંડ) પેન્શન મેળવવાના ઈરાદે રૂા.૧,૦૦,૦૦૦/-સુધીનું રોકાણ કરેલું હોય તો આવું રોકાણ તેને કલમ ૮૦-સી અને ૮૦-સીસીડી સાથે રૂા.૧,૫૦,૦૦૦/- ની મર્યાદામાં તેને આવકમાંથી બાદ મળી શકશે. પરંતુ આવા રોકાણો ઉપર કરદાતાને અથવા તેના નોમીનીને મળેલ વ્યાજ, બોનસ, અગર અન્ય રકમ બાદ મળી શકશે નહિં. આવી રકમ પર કરદાતાને અગર નોમીનીને મળેલ સરન્ડર રકમ, પેન્શન વિગેરે કરપાત્ર આવક ગણાશે. આવું રોકાણ કલમ-૮૦-સી માંથી ફરી બાદ મળશે નહિં.

(૭-સી) કલમ-૮૦ (સી-સી-ડી):-

તા.૧.૧.૨૦૦૪ના રોજ અથવા ત્યારબાદ દાખલ થયેલા કર્મચારીઓ માટે આ યોજનાનો લાભ મળશે. આ યોજના નીચે મુજબ બે યોજનામાં વહેંચવામાં આવશે.

૮૦-સી-સી-ડી(૧) :-

કર્મચારીએ તેના માસિક પગારની ૧૦% રકમ ફરજિયાત પેન્શન એકાઉન્ટમાં જમા કરવાની રહેશે અને તે રકમ ૮૦-સી હેઠળ બાદ મળશે. આમ કલમ ૮૦-સી માં રોકાણની મહત્તમ મર્યાદા રૂા. ૧,૫૦,૦૦૦/- (એક લાખ પચાસ હજાર રૂપિયા) થશે. જેમાં ઉપર જણાવેલ રોકાણોનો સમાવેશ થાય છે. અને આવું રોકાણ કલમ ૮૦-સી અને કલમ ૮૦-સીસીડી સાથે રૂા. ૧,૫૦,૦૦૦/-ની મર્યાદામાં તેને આવકમાંથી બાદ મળી શકશે.

કલમ-૮૦-સી-સી-ડી(૨) :-

મ્યુનિસિપલ કોર્પોરેશન જે તે કર્મચારીના ખાતામાં પગારની ૧૦% રકમ ફરજિયાત જમા કરાવશે આ રકમ જે તે વર્ષમાં જે તે કર્મચારીની આવક તરીકે ગણવાની રહેશે. જે ઈન્કમટેક્ષની કલમ ૮૦-સીસીડી મુજબ કર્મચારીના વ્યક્તિગત કેસમાં બાદ મળશે.

(૭-ડી)કલમ-૮૦-ડી : મેડીકલ ઈન્સ્યોરન્સ પ્રિમીયમની ચૂકવણી સંબંધીઃ

આ કલમની જોગવાઈ અનુસાર પોતાના, લગ્ન સાથીના તેમજ આશ્રિત માતા પિતા અને બાળકોના સ્વાસ્થ્ય માટે કરદાતાએ લીધેલી મેડીકલ ઈન્સ્યોરન્સ સંબંધી રૂા.૨૫,૦૦૦/- ની મર્યાદામાં કરપાત્ર આવકમાંથી ચેકથી ભરેલા પ્રિમિયમની રકમ સંપૂર્ણપણે કપાત તરીકે બાદ આપવામાં આવશે. કરદાતાએ ચેક દ્વારા જ ચૂકવેલ રકમ ઉપર કર કપાતનો લાભ મળી શકે. નવા સુધારા મુજબ આશ્રિત સીનીયર સીટીઝન્સ માતાપિતાના સ્વાસ્થ્ય માટે કરદાતાએ ભરેલ વધારાનું રૂા. ૩૦,૦૦૦/- સુધીનું પ્રિમિયમ કપાત તરીકે બાદ મળી શકશે. એટલે કે આ સાથે કુલ કપાત રૂા. ૫૫,૦૦૦/- (૨૫,૦૦૦ + ૩૦,૦૦૦/-) સુધી મળશે. જો માતા-પિતા સીનીયર સીટીઝન્સ ન

હોય તો આવું પ્રિમિયમ રૂા. ૨૫,૦૦૦/- (રૂા. ૩૦,૦૦૦/-ને બદલે) બાદ મળી શકશે. આ અંગેનો લાભ આપતા પહેલાં અધિકારીશ્રીએ રસીદ જોઈ, ચકાસણી કરી, ખાત્રી કરી લેવી. પુરાવા તરીકે ઝેરોક્ષ સામેલ કરવી જરૂરી છે. આ હેતુસર જનરલ ઈન્સ્યુરન્સ કોર્પોરેશનનું મેડીકલેઈમ યોજનાનું આઈ.આર.ડી.એ. દ્વારા માન્ય વિમા કંપનીને કેન્દ્ર સરકાર દ્વારા માન્ય કરવામાં આવી છે. કર્મચારી તેના પત્ની અથવા તેના આશ્રિત ભારતીય નાગરીક માતા-પિતામાંથી કોઈપણની ઉંમર ૬૫ વર્ષથી વધુ પાછળના વર્ષમાં હોય તેવા કેસમાં પ્રિમિયમ રૂા.૩૦,૦૦૦/- સુધી બાદ મળી શકશે. અને ૬૫ વર્ષની ઓછી ઉંમરના કેસમાં ૨૫,૦૦૦/- પ્રિમિયમ બાદ મળી શકશે.

(૭-ઈ) કલમ-૮૦-ડી.ડી. (રૂલ ૧૧ એ):-

(૧) કાયમી રીતે શારીરિક કે માનસિક રીતે અશક્ત એવા ફક્ત આશ્રિતોને તબીબી સારવાર નર્સિંગ ડ્રેસીંગ માટે કરેલા ખર્ચની રકમ કુલ ગ્રોસ આવકમાંથી રૂા.૭૫,૦૦૦/- ની મર્યાદામાં બાદ મળી શકે છે. આવું ડીડક્શન સીવીયર ડીસએબીલીટીના કેસમાં રૂા.૧,૨૫,૦૦૦/- સુધી મળી શકે છે. જે માટે અંધાપા સહિત કાયમી પ્રકારની શારીરિક વિકલાંગતા કે મંદબુદ્ધિ (મેન્ટલ રીટાર્ડેશન) બાબતનું સરકારી હોસ્પિટલના સ્થાનિક સત્તાની હોસ્પિટલના ફીઝીશિયન, સર્જન, ઓક્યુલીસ્ટ, સાઈક્રીયાટ્રીસ્ટ (જે પ્રમાણે હોય) તેનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. આ અંગેના પુરાવા તરીકે સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ સામેલ કરવી. જ્યારે આવા રજૂ કરેલ જુના સર્ટિફિકેટની સમય મર્યાદા પૂરી થઈ જાય ત્યારે આવા કર્મચારી પાસેથી ફોર્મ નં. ૧૦ આઈએ માં સીવીલ સર્જનના નવા સર્ટિફિકેટ આવે પછી જ ડીડકશન આપી શકાય. ઉપરાંત ઉપરોક્ત ખર્ચ કર્યા અંગેનું ડેક્લેરેશન કર્મચારીએ રજૂ કરવાનું રહેશે. આ લાભ આપતાં પહેલાં તેના ખરાપણા અને વ્યાજબીપણા માટે ડ્રોઈંગ અને ડીસ્બર્સીંગ ઓફિસરને જરૂરી જણાય તે વિગત અને સર્ટીફીકેટ માંગશે અને ચકાસણી કરશે. આવું ડીડક્શન આવકવેરા અધિકારીના સર્ટીફીકેટ ઉપર આપી શકાય.

અથવા

(૨) ભારતીય કરદાતાએ પોતાની કરપાત્ર આવકમાંથી સરકારે નિર્ધારિત કરેલ સંસ્થામાં કરેલ રોકાણો કે જે પોતાના શારીરિક અસામર્થ્ય ધરાવતા આશ્રિતોના ભરણપોષણ અંગે હોય તેવા રોકાણો માટે ઉપર (૧) માં જણાવ્યા મુજબ કરદાતાની આવકમાંથી બાદ મળી શકશે. આવું ડીડક્શન આવકવેરા અધિકારીના સર્ટિફીકેટ ઉપર પણ આપી શકાય.

ઉપરના (૧) અને (૨) માં થઈને કુલ રૂા.૫૦,૦૦૦/- સુધી આવકમાંથી બાદ મળી શકશે. પરંતુ (૨) માં જણાવેલ કરદાતાનો આશ્રિત પહેલાં ગુજરી જાય અને રોકાણો પાછા મળે ત્યારે આવી પાછી મળેલ રકમ જે તે વર્ષની આવકમાં ઉમેરવાની રહેશે.

(૭-એફ) કલમ-૮૦ ડી.ડી.બી.:-

કર્મચારી પોતે અથવા તો તેના આશ્રિતોની નીચે જણાવેલ તબીબી સારવાર માટે કોઈ પણ ખર્ચ કર્યો હોય તો તેવા કેસમાં કુલ ગ્રોસ આવકમાંથી રૂા. ૪૦,૦૦૦/- સુધીની ખરેખર કરેલ ખર્ચ કોઈ પણ તબીબી નિષ્ણાત દ્વારા આપેલા સર્ટિફિકેટના આધારે મજરે મેળવી શકશે. આવો ખર્ચ જો વીમા કંપની પાસેથી મેળવવામાં આવ્યો હશે તો તેટલો ઓછો ખર્ચ મજરે આપવામાં આવશે. જ્યારે કર્મચારીને આવા ખર્ચ પેટે વીમા કંપની તરફથી અથવા કોર્પોરેશન તરફથી કોઈ વળતર ચૂકવવામાં આવ્યું હોય ત્યારે આવા વળતરની રકમથી ઉપરની કપાત ઓછી કરવામાં આવશે. આવો ખર્ચ જ્યારે સીનીયર સીટીઝન માટે કરેલ હોય ત્યારે વળતરની રકમ રૂા.૬૦,૦૦૦/-

સુધી મળી શકશે અને જે વ્યક્તિની ઉમર ૮૦ વર્ષથી વધારે તેવા સુપર સીનીયર સીટીઝનની કેટેગરી આવતા લોકોને વળતરની રકમ રૂા.૮૦,૦૦૦/- સુધી મળી શકશે.

ઉપરોક્ત કલમ હેઠળ જો કોઈ કર્મચારી અથવા તેના આશ્રિત્ માનસીક રોગો જેમાં ૪૦% અથવા વધુ માત્રાનું ડીસ્એબીલીટી લેવલ પ્રમાણિત કરાયું હોય. આ યાદીમાં ડીમ્નેશીયા, ડીસ્ટોનીયાર, મોટરન્યુરોન, અટેકશીયા, કોરીયા, હેમીબાલીસમ્સ, એફેસીયા તેમજ પાર્કીસન્સનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત મેલીટન્ટ, કેન્સર, એઈડ્સ, ક્રોનીરીનલ ફેઈલ્યોર, તથા હીમોફીલીયા તેમજ થેલેસેમીયા આ રોગો માટે કરેલ ખર્ચનો જ સમાવેશ કરવામાં આવશે.

(૭-જી) કલમ-૮૦-ઈઃ-

કરદાતાએ પોતાના પતિ કે પત્ની અથવા બાળકો માટે સરકાર માન્ય સંસ્થામાં પોતાના ઉચ્ચતર શિક્ષણ માટે લીધેલ લોનના પોતાની કરપાત્ર આવકમાંથી ભરેલ વ્યાજ બાદ મળશે. આવું વ્યાજ ૮ વર્ષ અથવા લોન પુરી થાય ત્યાં સુધી બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી મળી શકશે. આવું ડીડક્શન બેંક અધિકારીના સર્ટીફીકેટ પર આપી શકાય. આ અંગે જેટલું વ્યાજ કરપાત્ર આવકમાંથી ભરેલ હશે તે પૂરેપૂરૂં બાદ મળશે. આ કલમનો લાભ કલમ-૮૦-સી અને ૮૦-સીસીડીની રૂા. ૧,૫૦,૦૦૦/-ની મર્યાદામાં સમાવેશ થતો નથી પરંતુ કલમ-૮૦-ઈ નો લાભ કલમ-૮૦-સી અને ૮૦-સીસીડી સિવાય વધારાના બાદ મળવાપાત્ર છે.

(૭-એચ) કલમ-૮૦-જીઃ

નિયત કરાયેલ ફંડ (જેમ કે પ્રાઈમ મિનિસ્ટર્સ અથવા ચીફ મીનીસ્ટર્સ રીલીફ ફંડ) માં આપેલ ફાળા સંબંધે જણાવવાનું કે, ધર્માદા હેતુસર આપવામાં આવેલા અન્ય દાનો સંબંધી કપાત કલમ-૧૯૨ હેઠળ "કરપાત્ર પગાર" નક્કી કરવા માટે લક્ષમાં લેવામાં આવશે નહીં અને આવી કપાત પગારદારે તેનું નિયમિત આવકવેરા રીટર્ન ભરતી વખતે બાદ માંગવાની રહેશે. અન્ય સામાન્ય હેતુસર પ્રમાણિત સંસ્થાઓને કરવામાં આવેલ દાન નિયત પ્રમાણપત્ર રજૂ કરવાથી કુલ આવકના ૧૦%ની મર્યાદામાં કરેલ દાનના ૫૦% આવકમાંથી મજરે મળી શકે પરંતુ આવકવેરા ધારાની કલમ-૧૯૨ તેમજ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્ષીસના પરિપત્ર અનુસાર ઉપર જણાવ્યા સિવાયની આવકવેરાધારાની કલમ-૮૦ અન્વયેના અન્ય ડીડક્શન જેવાં કે, કલમ-૮૦-જી વિગેરે નિયમ અનુસાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આપી શકાતા નથી પરંતુ જે તે કર્મચારીએ કરેલ ૮૦-જી અંગેનું ડોનેશન પોતાનું વ્યક્તિગત ઈન્કમટેક્ષનું રીટર્ન ફાઈલ કરતી વખતે મજરે લેવાનું રહેશે જેની ખાસ નોંધ લેવી અને આમ કરવામાં કસુર થયેથી જે તે ખાતાના બિલ ક્લાર્ક તેમજ અધિકારીશ્રીની જવાબદારી ગણવામાં આવશે.

(૭-આઈ) કલમ-૮૦-જીજીઃ

જો કર્મચારીને ઘરભાડું મળતું ન હોય અને જો તેણે પોતાની આવકના (આ વળતર પહેલાંની) ૧૦ ટકાથી વધુ અને ૨૫ ટકાથી ઓછું ઘરભાડું ચૂકવ્યું હોય અથવા માસિક રૂા.૫૦૦૦/- સુધીનું વળતર એ બેમાંથી જે ઓછું હોય તેવું વળતર ફોર્મ નંબર-૧૦-બી-એ રજૂ કરવાથી મેળવી શકશે. આ માટે કર્મચારી પાસે કે તેના પત્નિ, બાળકો કે કુટુંબની માલિકીનું મકાન નોકરીના સ્થળે ન હોવું જોઈએ. આ વળતર મેળવવા ભાડા પહોંચ રજૂ કરવી જરૂરી છે.

(૭-જે) કલમ-૮૦-યુઃ

કરદાતા કે જે સંપૂર્ણપણે અંધ હોય કે કાયમી શારીરિક અસામાર્થ્ય ધરાવતા હોય કે મેન્ટલ રીટાર્ડેશન બોર્ડે દર્શાવ્યા પ્રમાણે ધરાવતા હોય તે કર્મચારીની કુલ ગ્રોસ આવકમાંથી રૂા.૭૫,૦૦૦/- ની કપાત બાદ આપવામાં આવશે. આ ઉપરાંત સીવીયર ડીસએબીલીટીના કેસમાં આવું ડીડક્શન રૂા.૧,૨૫,૦૦૦/- સુધી બાદ આપવાનું રહેશે.

આ માટે અંધાપા અને કાયમી ફીઝીકલ ડીસએબીલીટી માટે જો તે વ્યક્તિ ઈન્કમટેક્ષ ઓફિસર સાહેબ તરફથી આપવામાં આવતું સર્ટીફીકેટ રજૂ કરે તો જ બાદ આપવાની થશે. આવા સર્ટીફીકેટ એક વાર રજૂ થયા પછી જ્યાં સુધી ઈન્કમટેક્ષ ઓફીસર પાછુ ખેંચે નહિં ત્યાં સુધી મુક્તિ આપવાનું ચાલુ રહેશે. આવા સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ સામેલ કરવી. જ્યારે આવા રજૂ કરેલ જૂના સર્ટિફિકેટની સમય મર્યાદા પૂરી થઈ જાય ત્યારે આવા કરદાતા પાસેથી ફોર્મ નં. ૧૦ આઈએ માં સીવીલ સર્જનનાં નવા સર્ટિફિકેટ આવે પછી જ ડીડકશન આપી શકાય.

(૭-કે)કલમ ૮૭-એ :-

નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ એટલે કે આકારણી વર્ષ ૨૦૧૭-૨૦૧૮ના વર્ષમાં જે કર્મચારીની કરપાત્ર આવક રૂા. ૫,૦૦,૦૦૦/- (રોકાણો બાદ કર્યા પછી) કરતાં વધારે ન હોય તો તેવા કર્મચારીઓને ઈન્કમટેક્ષની કલમ : ૮૭-એ મુજબ વધુમાં વધુ રૂા. ૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)નું ટેક્ષ રીબેટ આપવાનું રહેશે.

(૭-એલ)

આવકવેરા ધારાની સુધારેલી કલમ- ૧૯૨ અનુસાર હવેથી કર્મચારીને રહેવાના મકાન મિલ્કતની આવક હેઠળ ઉદભવેલ વ્યાજની નુકસાનીની વિગત નિર્ધારિત રીતે કરવામાં આવશે. તો આવું નુકસાન કરપાત્ર આવકમાંથી રૂા.૩૦,૦૦૦/- અથવા રૂા.૨,૦૦,૦૦૦/- ની મર્યાદામાં કલમ-૨૪(બી) માં દર્શાવેલ શરતો અનુસાર બાદ આપવામાં આવશે. તા.૧.૪.૧૯૯૯ બાદ ઉછીની લેવામાં આવેલી મૂડીથી પ્રાપ્ત કરવામાં કે બાંધવામાં આવેલી મિલ્કત ઉપરની લેણી રકમનું વ્યાજ રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી બાદ મળી શકશે. આવી મિલ્કત કર્મચારીએ જે વર્ષમાં લોન મળી હોય, ત્યારથી ૩ વર્ષ પૂરા થતાં પહેલાં પ્રાપ્ત કરી લેવી પડશે. તા.૧૪.૯.૯૮ના સુધારા મુજબ આવું ડીડક્શન માંગતા કર્મચારીએ આવકવેરા ધારાના ફોર્મ નં.૧૨-સી માં ડેક્લેરેશન રજૂ કરવું પડશે અને ત્યારબાદ જ કર્મચારીને યોગ્ય કપાત બાદ આપવાની રહેશે. કર્મચારીએ આવું નુકસાન માંગવા માટે ફોર્મ નં.૧૨- સી ભરીને આપવું ફરજીયાત છે. આવું ડીડક્શન માંગવા માટે કર્મચારીએ લોન મેળવેલ સંસ્થા પાસેથી વિગતવાર સર્ટીફીકેટ રજૂ કરવાનું રહેશે.

તદ્ઉપરાંત કલમ ૮૦-ઈઇ મુજબ હાલની કલમ ૨૪ મુજબની ૨,૦૦,૦૦૦/-ની કપાત ઉપરાંત રૂા. ૫૦,૦૦૦/-ની વધારે કપાતની જોગવાઈ છે. જેનો લાભ લેવા નીચે મુજબની શરતો પૂરી કરવી જરૂરી છે.

(૧) આ કપાતનો લાભ તાઃ૦૧/૦૪/૨૦૧૬ થી તાઃ૩૧/૦૩/૨૦૧૭ દરમ્યાનના ગાળામાં મંજૂર કરાવેલ હાઉસીંગ લોનના સંદર્ભમાં જ મળશે.

(૨) આ કપાતનો લાભ લેનાર વ્યક્તિ લોન મંજૂર થયાની તારીખે કોઈપણ રહેઠાણના મકાનનો માલીક હોવો જોઇએ નહી.

(૩) લોન ફાઈનાન્સ કંપની અથવા બેન્ક દ્વારા મંજુર કરાઇ હોવી જોઇએ અને લોનની રકમ રૂા.૩૫,૦૦,૦૦૦ થી વધુ હોવી જોઇએ નહી તેવા કેસમાં જ આ પ્રકરનો લાભ મળશે. કરદાતાની તેના માલીક અથવા અન્ય પાસેથી લીધેલી લોન ઉપર વધારાના રૂા. ૫૦,૦૦૦/- ના વ્યાજની કપાતનો ફાયદો મળશે નહી.

(૪) આ કપાતનો લાભ રૂા.૫૦ લાખથી વધુ કિંમતનું ન હોય તેવા રહેણાકના મકાન માટે જ મળશે.

૨૦૧૬માં સુધારા બાદ ઉમેરાયેલ કલમ ૮૦ઇઇ માં એવી જોગવાઈ છે કે રૂા.૫૦,૦૦૦/-ની વધારાનીકપાતનો લાભ કરદાતા આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ થી શરૂ કરી લોનની ચુકવણી સંપૂર્ણ ન થાય ત્યાં સુધી દર વર્ષે મળશે.

કલમ ૨૪ મુજબ જો કર્મચારીએ પોતાના અંગત રહેણાક માટેનુ મકાન ખરીદવા કે બાંધકામ કરવા માટે તાઃ ૦૧-૦૪-૧૯૯૯ પછી લોન લીધી હોય અને લોન લીધી હોય તે નાણાકીય વર્ષના અંતથી ત્રણ વર્ષની અંદર આવા ખરીદેલ અથવા બાંધકામ પૂર્ણ કર્યુ હોય તો આવી હાઉસીંગ લોન ઉપર ચુકવવા પાત્ર વ્યાજ વાર્ષિક રૂ.૨ લાખની મર્યાદામાં કપાત તરીકે બાદ આપવાની જોગવાઈ હાલ છે. આ જોગવાઈમાં સુધારા કરી મકાન ખરીદી અથવા બાંધકામ પૂર્ણ કરવા

માટે ૩ વર્ષના બદલે ૫ વર્ષનો સુધારો થયેલ છે, માટે હવેથી જે નાણાકીય વર્ષમાં લોન લીધી હોય તેનાં અંતથી ૫ વર્ષમાં આવુ મકાન ખરીદેલ અથવા બાંધકામ પૂર્ણ થયેલ હોવુ જોઇએ.

(૭-એમ.)

કલમ ૮૦સીસીડી હેઠળ અગાઉના વર્ષમાં જે રૂા. ૧ (એક) લાખની કપાત મર્યાદા હતી તેમાં નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬થી ૮૦સીસીડી (૧એ) હેઠળ કપાત મર્યાદા રૂા. ૧.૫૦ લાખની રહેશે. એન.પી.એસ.માં કરદાતાએ કલમ ૮૦સીસીડી (૧એ) મુજબ રૂા. ૧.૫૦ રોકાણ કર્યું હોય કે ના કર્યું હોય, ૮૦સીસીડીસી (૧બી) હેઠળ જો ૫૦ હજારનું રોકાણ કર્યું હોય તો તે અલગથી બાદ મળશે. આમ, ૮૦સીસીઈ હેઠળની રૂા. ૧.૫૦ લાખની રોકાણ મર્યાદા ઉપરાંત કલમ ૮૦સીસીડી (૧બી) હેઠળ એન.પી.એસ.માં કરવામાં આવતા રોકાણના સંદર્ભમાં વધારાના રૂા. ૫૦ હજારની કપાતનો લાભ મળશે. આમ, ૮૦સીસીડી(૧એ) હેઠળ રૂા. ૧.૫૦ લાખ સુધી અને ૮૦સીસીડી(૧બી) હેઠળ વધારાના ૫૦ હજાર મળી કલમ ૮૦સીસીડી(૨) મુજબ આમ રૂા. ૨ (બે) લાખ સુધીની કપાતનો લાભ મળશે. **કલમ ૮૦સીસીડી-૧(બી) હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં એન.પી.એસ. (નેશનલ પેન્શન સ્કીમ)માં રોકેલ નાણા પૈકી રૂા. ૫૦૦૦૦/- સુધી વધારાનાં બાદ મળવા પાત્ર છે જે અન્વયે એન.પી.એસ. (નેશનલ પેન્શન સ્કીમ)માં Tier-1 માં રોકેલ હશે તો જ બાદ મળવા પાત્ર થશે.આ અંગે Tier-1 સિવાય Tier-2માં નાણા રોકેલ હશે તો બાદ મળવા પાત્ર થશે નહી.**

(૮) આમ સૌ પ્રથમ ગ્રોસ ટોટલ સેલેરીની ગણતરી કર્યા બાદ પ્રોફેશનલ ટેક્ષની રકમ બાદ કર્યા પછી મકાન લોનના વ્યાજની તેમજ મેડી કલેઈમ અને અન્ય કોઈ રકમ ઈન્કમટેક્ષની કલમો મુજબ કુલ આવકમાંથી બાદ આપવાની થતી હોય તો તે બાદ કરીને જે કુલ આવક આવે તે ઉપર ઈન્કમટેક્ષના કોષ્ટક (શિડ્યુલ) મુજબ ઈન્કમટેક્ષની ગણતરી કરવાની છે. આવી ટેક્ષની રકમ આવે તે ભરવાનાં થતાં ઈન્કમટેક્ષ પેટે વસુલ લેવાનો થશે.

(૯) દરેક ખાતાએ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ની કર્મચારીની ખરેખર આવક ઉપર કાપવાના થતાં ઈન્કમટેક્ષની ગણતરી સાથે પુરેપુરી તમામ વિગતો સેલેરી સ્ટેટમેન્ટમાં ભરવી. ઈન્કમટેક્ષની ગણતરી આ સરક્યુલર મુજબ કરી જે તે ખાતાના એકાઉન્ટન્ટ/અધિકારી શ્રી પાસે ચેક કરાવી લેવી કે જેથી ઈન્કમટેક્ષની વધઘટ ફેબ્રુઆરી-૨૦૧૭ ના પગાર બીલ સુધીમાં એડજસ્ટ કરાવી શકાય. સાથે સાથે ઈન્કમટેક્ષને પાત્ર અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓએ પોતાના ઈન્કમટેક્ષ પ્લાનીંગ/ રોકાણ કરી ઈન્કમટેક્ષની કપાત પગરમાં કરવા અંગનો ચોકસાઈ કરી લેવી જરૂરી છે. એકવાર ઈન્કમટેક્ષનાં નાણાં જમા કરાવી દીધા પછી અત્રેથી રીફંડ આપવામાં આવશે નહીં. જેની દરેક અધિકારીશ્રી/કર્મચારીએ નોંધ લેવા વિનંતી છે.

(૧૦) આવા પત્રકો કોઈપણ જાતની ચેકચાક વગરના ડુપ્લીકેટમાં બનાવી જે તે ખાતાના જ એકાઉન્ટન્ટ, ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ કે ખાતાના અધિકારી પાસે ચેક કરાવવાના રહેશે. પગારબીલ પાસ કરાવ્યા પછી ખાતા દ્વારા ચેક કરવામાં આવેલ ઈન્કમટેક્ષ ગણતરીનું પત્રક નાણાં ખાતાના ઈન્કમટેક્ષ વિભાગમાં પાર્ટ-બી તૈયાર કરવા, પાર્ટ-એ ઈન્કમટેક્ષની વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરવા અંગેની જરૂરી કાર્યવાહી કન્સલ્ટન્ટસ મારફતે કરાવવાની હોઈ તેમજ ટી.ડી.એસ.નું ચોથા કવાર્ટરનું રીટર્ન ફાઈલ કરાવતી વખતે તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓનો કોન્સોલેટેડ ડેટા પણ ફરજીયાતપણે ફાઈલ કરવાનો હોઈ ઈન્કમટેક્ષના ગણત્રીના પત્રકો તૈયાર કરવા તા.૩૧.૩.૨૦૧૭ સુધીમાં અચૂક મોકલી આપવાના રહેશે. આમાં કસૂર થશે અને જેને કારણે જે તે અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓનો કોન્સોલેટેડ ડેટા ચોથા કવાર્ટરના ટી.ડી.એસ. ના રીટર્ન સાથે ફાઈલ ન થઈ શક્યો અને જેના કારણે પાર્ટ- 'એ' અને પાર્ટ - 'બી'ઈસ્યુ ના થઈ શક્યા તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ખાતાની અને જે તે બીલ કલાર્કની રહેશે.

(૧૧) નાણાં ખાતું ઈન્કમટેક્ષ વિભાગ પરિપત્ર નંબર-૬૪ તા.૬.૩.૧૯૯૩ મુજબ ૨૦૧૪-૨૦૧૫ નાં નાણાંકીય વર્ષમાં કર્મચારીએ કલમ-૮૦-સી, કલમ-૮૦(સીસીજી) તેમજ અન્ય હેઠળ કરેલા રોકાણો અંગેની તેમજ કલમ-૮૦-(ડી), કલમ-૮૦-(ડી)(ડી), કલમ-૮૦(ડી)(ડી)(એ), કલમ-૮૦-(ડી)(ડી)(બી), ૮૦(ઈ) તેમજ કલમ-૮૦(યુ) ના સંદર્ભમાં મળવાપાત્ર રાહત અંગે પરિપત્ર-૬૪ માં દર્શાવેલ ડેક્લેરેશન ફોર્મમાં નમુના મુજબ જ માહિતી સાથે પુરાવા રજૂ કરવાના છે.

(૧૨) ઈન્કમટેક્ષના પત્રકો ચેક કરતી વખતે જવાબદાર કર્મચારીએ આ ગણતરી તેમજ રજૂ કરવામાં આવેલા નાણાંકીય રોકાણના પુરાવા ચીવટપૂર્વક ચેક કરી તે અંગેનું સર્ટીફીકેટ આપવાનું રહેશે.

(૧૩) હવે પછી ઈન્કમટેક્ષના પત્રકો જે તે ખાતા દ્વારા ચેક કરાવી તેની એક કોપી નાણાં ખાતાના ઈન્કમટેક્ષ વિભાગમાં તા.૩૧.૩.૨૦૧૭ સુધીમાં મોકલી આપવાની રહેશે. ત્યારબાદ કોઈપણ પત્રકો સ્વીકારવામાં આવશે નહીં. અને તેવા કર્મચારીઓના કેસમાં પાર્ટ-એ તથા પાર્ટ-બી ઈસ્યુ થઈ શકશે નહીં. અને તેની સઘળી જવાબદારી જે તે ખાતાના બીલ કલાર્ક / અધિકારીશ્રીની રહેશે તેમજ ઈન્કમટેક્ષ પત્રકમાં કર્મચારીનો પાન નંબર દર્શાવેલ નહીં હોય અથવા ઈન્કમટેક્ષ બાકી રહેતો હશે તેવા પત્રકોવાળા કર્મચારીઓને પાર્ટ-એ તથા પાર્ટ-બી મળી શકશે નહિં અને તે અંગેની સઘળી જવાબદારી ખાતાના બીલ કલાર્ક / અધિકારીશ્રીની રહેશે તેમજ જે કર્મચારીઓ તેઓના પાન નંબર ન આપે તેવા કેસમાં ઈન્કમટેક્ષના નિયમ મુજબ તેઓના ઈન્કમટેક્ષની ગણતરી ઈન્કમટેક્ષના નિયમ મુજ હાયર રેટ મુજબ કરવાની રહેશે.

પાર્ટ-એ તથા પાર્ટ-બી ફક્ત ઈન્કમટેક્ષ રીટર્નના હેતુ માટે જ આપવામાં આવશે. અન્ય હેતુ માટે પાર્ટ-એ તથા પાર્ટ-બી મળી શકશે નહીં.

મ્યુનિસિપલ કોર્પોરેશનના કોઈ પણ અધિકારીશ્રીઓ/કર્મચારીઓની ઈન્કમટેક્ષની કપાત ફક્ત પગારમાં જ કરવાની રહેશે અને ચીલન દ્વારા ઈન્કમટેક્ષના નાણાં જમા લેવામાં આવશે નહીં. જો તેમ કરવામાં નહીં આવે તો આ બાબતે નાણાં ખાતાની કોઈ જવાબદારી રહેશે નહી અને ઈન્કમટેક્ષ કપાતની રકમ ઉપર જણાવેલ સમયમર્યાદામાં નહીં થાય તો ઈન્કમટેક્ષ વિભાગ (સરકારશ્રી) તરફથી કોઈ પણ પરિસ્થિતિ ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી ખાતાના અધિકારીશ્રી/બીલ કલાર્કશ્રીની રહેશે જેની ખાસ નોંધ લેવી.

(ઘ) ચાલુ વર્ષે સને ૨૦૧૬-૧૭માં દરેક બીલ કલાર્કે અધિકારીશ્રી/કર્મચારીના આવક પત્રક ઉપરથી ઈન્કમટેક્ષની ગણતરી કરી બાકી રહેતા ઈન્કમટેક્ષના નાણાં જાન્યુઆરી, ૨૦૧૭ તથા ફેબ્રુઆરી-૨૦૧૭ના પગારમાં જ ઈન્કમટેક્ષની કપાત કરવાની રહેશે. કોઈ પણ અધિકારીશ્રી/ કર્મચારીશ્રીના ઈન્કમટેક્ષ કપાતના નાણાં રોકડા/ ચેકથી સ્વીકારવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી. આ અંગે દરેક ખાતાના અધિકારીશ્રી તેમજ બીલ કલાર્કશ્રીને જણાવવામાં આવે છે કે, ફેબ્રુઆરી, ૨૦૧૭નો પગારનો ડેટા ચઢાવતી વખતે કોઈ પણ અધિકારીશ્રી/કર્મચારીનો નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭નો ટેક્ષ બાકી રહેતો નથી તેની ચોકસાઈપણે ખરાઈ કરી લેવાની રહેશે. આ અંગે કોઈ પણ અધિકારીશ્રી/કર્મચારીનો ટેક્ષ બાકી રહેલ હોય અને જેના કારણે ઈન્કમટેક્ષ વિભાગ તરફથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કોઈ દંડનીય કાર્યવાહી કરે તો તેની સઘળી જવાબદારી ખાતાના અધિકારીશ્રી/બીલ કલાર્કશ્રીની રહેશે.

દરેક અધિકારીશ્રી/કર્મચારીશ્રીએ પોતાના ખાતાના બીલકલાર્કને પોતાના રોકાણની વિગતો સમયમર્યાદામાં આપવાની રહેશે. જો તેમ કરવામાં કસુર થશે, અને બીલ કલાર્ક દ્વારા ઈન્કમટેક્ષ રકમની કપાત પગારમાં થઈ જશે

તો રોકાણ હોવા છતાં પણ તેઓને સદર રકમ કોઈ પણ સંજોગોમાં નાણાં ખાતેથી પરત મળશે નહીં. ઈન્કમટેક્ષ ખાતેથી રીટર્ન ભરવાથી રીફંડ મળશે જેથી આ પ્રકારનું બને નહીં તે બાબતની જે તે અધિકારીશ્રી/ કર્મચારીએ ખાસ કાળજી રાખવાની રહેશે.

ઈન્કમટેક્ષના નિયમાનુસાર કર્મચારીના પગારમાંથી કપાતા ટી.ડી.એસ. અંગે ફરજિયાતપણે પાન નંબર આપવાનો રહે છે. પાન નંબર ન હોય તેવા કેસમાં ઈન્કમટેક્ષના નિયમ મુજબ ટી.ડી.એસ. થી કપાત હાયર રેટથી કરવાની થતી હોવાથી જે જે અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓના પાનનંબર, પગારસ્લીપમાં ખોટા ચાલે છે તે સુધારવા અંગે તેમજ જે જે અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ તેઓના પાનનંબર પગારસ્લીપમાં અપડેટ કરાવેલ નથી તે અપડેટ કરાવવા અંગે નાણાં ખાતા દ્વારા અનેકવખત સરકયુલરો થવા છતાં આ બાબતે. કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. આ પરિપત્ર દ્વારા ફરી જાણ કરવામાં આવે છે કે – જે અધિકારીશ્રીઓ/ કર્મચારીઓનો ટીડીએસ કપાય છે પરંતુ પાન નંબર ખોટો આપેલ છે કે પછી પાન નંબર આંપેલ નથી તેઓએ પાન નંબર ખોટો હોય તો પાન નંબર સુધારવાની કાર્યવાહી કરવી અને જો પાન નંબર ન આપેલ હોય તો પાન નંબર પગારસ્લીપમાં અપડેટ કરાવી દેવો જો તેમ કરવામાં કસુરદાર થશે અને તેઓના ટીડીએસની રકમ તેઓના ૨૬-એએસ ઉપર ક્રેડીટ ન મળે તો તે અંગેની જવાબદારી નાણાં ખાતાની રહેશે નહીં. ખાતાના બીલ કલાર્કે ખોટા પાન નંબર અને પાન નંબર ન આપેલ હોય તેવા અધિકારીશ્રીઓ/ કર્મચારીઓના કેસમાં ઈન્કમટેક્ષની ગણત્રી ઈન્કમટેક્ષની ગણત્રી હાયર રેટથી કરવાની રહેશે તેમજ આ અંગે ઈન્કમટેક્ષ વિભાગ તરફથી ભવિષ્યમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કોઈ દંડનીય કાર્યવાહી કરવામાં આવશે તો તેની કોઈ પણ જવાબદારી નાણાં ખાતાની રહેશે નહીં જેની નોંધ લેવી.

આ સરક્યુલરની નોંધ દરેક ખાતાના બીલ ક્લાર્ક, એકાઉન્ટન્ટ તેમજ કર્મચારીઓને લેવડાવવા વિનંતી છે. આ અંગે જે તે કર્મચારીએ ડેક્લેરેશન ફોર્મમાં ઈન્કમટેક્ષ અંગેના આ પરિપત્રમાં જણાવ્યા મુજબ જ મળવાપાત્ર લાભ અંગે કરેલા રોકાણોની માહિતી પુરાવાઓની નકલ સહિત વેળાસર જે તે ખાતાના બીલ ક્લાર્કને આપવાની રહેશે જેની નોંધ લેવી. તેમજ દરેકે સરક્યુલરનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા જે સુધારા-વધારા થાય તે દરેકને બંધનકર્તા રહેશે.

સહી : આર્જવ જે. શાહ
ડે. મ્યુનિસિપલ કમિશનર
(ફાયનાન્સ)